| GJKH030001952023 | કેસ રજુ તારીખ | ૨૮/૦૧/૨૦૨૩ | | |
|---|---|---|---|---|
| | કેસ રજી તારીખ | ૨૮/૦૧/૨૦૨૩ | | |
| | કેસ ફેસલ તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ | | |
| | અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | | | | |

**મહેમદાવાદના મે.જ્યુડી.મેજીસ્ટ્રેટ ફ.ક.સાહેબની કોર્ટમાં,**
**મુ.મહેમદાવાદ. તા.મહેમદાવાદ, જી.ખેડા.**

આંક–

| | |
|---|---|
| ચુકાદા તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ફોજદારી કેસ નં. | ૧૩૩/૨૦૨૩ |
| ગુન્હો | ઈ.પી.કો.કલમ–૨૭૯,૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એક્ટ કલમ–૧૭૭, ૧૮૪ |
| પ્રથમ માહીતી અહેવાલ | એફ. આઈ. આર. નં. ૭૭૪/૨૦૨૨ |
| પોલીસ સ્ટેશન | મહેમદાવાદ, જિ.ખેડા. |

| | |
|---|---|
| ફરિયાદી | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષે | વિ.એ. પી. પી. શ્રી કે. એ. સુથાર |
| વિરૂધ્ધ | |

| | |
|---|---|
| આરોપી | **સંદીપ ગોવિંદ બાબુલાલ ગૌંડ,** મકાન નં. ૦૪ ચૌકા સ્કુલ પાસે પોષ્ટ ચૌકા, તા.કેસલી, જી. સાગર મધ્યપ્રદેશ હાલ રહે. રીયાલ પોલ્ટ્રીફાર્મ આમસરણસીમ નેનપુર રોડ, તા.મહેમદાવાદ, જી.ખેડા |
| આરોપી પક્ષે | વિ.વ.શ્રી પી. બી. વરસોલીયા |

**-:નમુનો-બ:-**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૧૪/૦૯/૨૦૨૨ |
| પ્રથમ માહીતી અહેવાલની તારીખ | ૧૫/૦૯/૨૦૨૨ |
| આખરી અહેવાલની તારીખ | ૨૮/૦૧/૨૦૨૩ |
| આરોપીની પ્લીની તારીખ | ૨૬/૬/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૭/૨૦૨૪ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૬/૦૩/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | લાગુ પડતુ નથી. |

**:: આરોપીની વિગત ::**

| આરોપી નો અનુક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયું/ સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમિયાન અટકાયતનો સમયગાળો કાર્યરીતી સંહિતાની કલમ-૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૦૧ | સંદીપ ગોવિંદ બાબુલાલ ગૌંડ | ૨૦/૯/૨૦૨૨ | ૨૦/૯/૨૦૨૨ | ઈ.પી.કો. કલમ-૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) | શંકાનો લાભ આપી નિર્દોષ | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | તથા એમ. વી. એક્ટ કલમ ૧૭૭, ૧૮૪ | | | |

**<u>-:નમુનો-ક:-</u>**

**<u>ફરિયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાહેદોનુ લીસ્ટ</u>**

## ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના સાક્ષીઓની યાદી

**અ. ફરિયાદ પક્ષે :**

| અનુક્રમ | વિગત | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ફરિયાદ પક્ષે સાહેદ નં.: ૦૧ | દિનેશભાઈ છોટાલાલ બારોટ | પંચસાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૨ | મંગાભાઈ ગફુરભાઈ રાવળ | ફરિયાદી |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૩ | લક્ષ્મીબેન કાંતીભાઈ રાવળ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૪ | સુરેશભાઈ રમેશભાઈ રાવળ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૫ | સુરેશભાઈ દશરથભાઈ રાવળ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૬ | દશરથભાઈ મંગળભાઈ રાવળ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૭ | અંજુબેન સુરેશભાઈ રાવળ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૮ | દશરથભાઈ જેણાભાઈ પરમાર | પંચસાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૦૯ | રમેશભાઈ નાગરભાઈ પરમાર | પંચસાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૧૦ | સદ્દામહુસેન સૈયદઅલી સૈયદ | સાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૧૧ | વાઘજીભાઈ ચંદાભાઈ પરમાર | પંચસાહેદ |
| ફરિયાદ પક્ષે સાહંદ નં.: ૧૨ | હરીશભાઈ ભીખાભાઈ પટેલ | ત.ક.અ. |

## ફરિયાદ પક્ષે / આરોપી પક્ષે / ન્યાયાલયના આંકની યાદી

**અ. ફરિયાદ પક્ષે :**

| **અનુક્રમ** | **આંક** | **વિગત દશરથભાઈ મંગળભાઈ રાવળ** |
|---|---|---|
| ૧. | ફ.સા.નં.૧/આંક–૧૦ | પંચસાહેદ દિનેશભાઈ છોટાલાલ બારોટની જુબાની |
| ૨. | આંક–૧૧ | પંચનામું |
| ૩. | ફ.સા.નં.૨/આંક–૧૩ | ફરિયાદી મંગાભાઈ ગફુરભાઈ રાવળની જુબાની |
| ૪. | આંક–૧૪ | ફરિયાદ |
| ૫. | ફ.સા.નં.૩/આંક–૧૫ | સાહેદ લક્ષ્મીબેન કાંતીભાઈ રાવળની જુબાની |
| ૬. | ફ.સા.નં.૪/આંક–૧૬ | સાહેદ સુરેશભાઈ રમેશભાઈ રાવળની જુબાની |
| ૭. | ફ.સા.નં.૫/આંક–૧૭ | સાહેદ સુરેશભાઈ દશરથભાઈ રાવળની જુબાની |
| ૮. | ફ.સા.નં.૬/આંક–૧૮અં જુબેન સુરેશભાઈ રાવળ | સાહેદ દશરથભાઈ મંગળભાઈ રાવળની જુબાની |
| ૯. | આંક–૧૯ | ઈન્કવેસ્ટ પંચનામું |
| ૧૦. | ફ.સા.નં.૭/આંક–૨૦ | સાહેદ અંજુબેન સુરેશભાઈ રાવળની જુબાની |
| ૧૧. | ફ.સા.નં.૮/આંક–૨૨ | પંચસાહેદ દશરથભાઈ જેણાભાઈ પરમારની જુબાની |
| ૧૨. | આંક–૨૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ૧૩. | ફ.સા.નં.૯/આંક–૨૪ | પંચસાહેદ રમેશભાઈ નાગરભાઈ પરમારની જુબાની |
| ૧૪. | ફ.સા.નં.૧૦/આંક–૨૭ | સાહેદ સદ્દામહુસેન સૈયદઅલી સૈયદની જુબાની |
| ૧૫. | ફ.સા.નં.૧૧/આંક–૨૮ | પંચસાહેદ વાઘજીભાઈ ચંદાભાઈ પરમારની જુબાની |
| ૧૬. | આંક–૨૯ | પી. એમ. રીપોર્ટ |
| ૧૭. | આંક–૩૦ | સ્થળપરીક્ષણ અહેવાલ |

| | | |
|---|---|---|
| ૧૮. | ફ.સા.નં.૧૨/આંક–૩૫ | ત.ક.અ. હરીશભાઈ ભીખાભાઈ પટેલની જુબાની |
| ૧૯. | આંક–૩૬ | ટેલીફોન વર્ધી |
| ૨૦. | આંક–૩૭ | સુચીપત્ર |

## // ચુકાદો //

### (૧) ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત :

ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીએ તા. ૧૪/૦૯/૨૦૨૨ ના રોજકલાક ૧૯/૦૦ ના સુમારે મોજે સણસોલી સીમ ગણેશ ટ્રેડર્સ સામે રોડ ઉપર પોતાના કબજા હેઠળનું હીરો સ્પ્લેન્ડર મો. સા. નંબર જીજે ૨૭ ડી કયુ ૬૭૮૨ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે હંકારી ફરિયાદીના સાહેદ કાંતીભાઈની સાયકલ સાથે અથડાવી અકસ્માત કરી સાહેદને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા પોતાને પણ શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી સાહેદ કાંતીભાઈનું સારવાર દરમ્યાન મોત નિપજતા, ઈ.પી.કો.કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એકટ કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કર્યાનો આક્ષેપ છે.

### (૨) <u>પોલીસ તપાસ :–</u>

સદરહું કામે આરોપી વિરૂધ્ધ પ્રથમ માહિતી અહેવાલ નંબર ૭૭૪/૨૦૨૨ થી ગુન્હો નોંધતા તપાસ કરનાર અમલદારે સદર ગુન્હા અંગેની તપાસ હાથ ધરેલ તેમજ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૬૧ અન્વયે ગુન્હાઓથી માહિતગાર સાહેદોના નિવેદનો નોંધ, પંચનામું કરી, આરોપી વિરૂધ્ધ પૂરતો પુરાવો ઉપલબ્ધ હોઈ, અત્રેની અદાલતમાં ઈ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ.

વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અંગે ફોજદારી ગુન્હાઓ અંગે ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩(૨) મુજબનું ચાર્જશીટ ફાઈલ કરેલ છે.

(૩) **<u>ન્યાયીક કાર્યવાહી :–</u>**

સદરહું કામે આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ રજૂ થતાં **ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૯૦(બી)** મુજબ આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાઓનું સંજ્ઞાન લઈ, **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૪** અન્વયે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવતા, આરોપી તેઓના વિ. વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ. આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતાં તેઓને **ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યાની ખાત્રી કર્યા બાદ ઉપરોકત ગુન્હાઓ અન્વયે સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, સદર ગુન્હાઓ **ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨(મ)** મુજબ સમન્સ ટ્રાએબલ હોઈ, સદરહું અધિનિયમના **પ્રકરણ–૨૦** ની **કલમ–૨૫૧** મુજબ **આંક–૦૪** થી આરોપીને આક્ષેપિત ગુન્હાઓ સબબ સાર જણાવી, નિવેદન નોંધતા આરોપીએ ગુન્હો કબૂલ ન હોવાનું જણાવેલ, જેથી સદરહું અધિનિયમની કલમ–૨૫૪ મુજબ આરોપી વિરૂધ્ધ ફરિયાદ પક્ષનો પુરાવો નોંધી ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ.

(૪)**<u>પુરાવાઓ તેમજ દલીલો :–</u>**

૪.૧ ફરિયાદપક્ષના કેસની પરિસ્થિતિ, હકીકતો, વિગતો તથા સંજોગોને લક્ષમાં લેતા ફરિયાદપક્ષે મહત્વના સાક્ષી તપાસ્યા બાદ ફરિયાદપક્ષે કલોઝિંગ પુરસિસ રજૂ કરતાં ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

૪.૨ સદરહું કામે ફરિયાદપક્ષે મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલાનું જાહેર કરેલ છે. સદરહું કામે ફરિયાદપક્ષ ધ્વારા પ્રસ્તુ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ લક્ષમાં લેતાં, સદર કામે આરોપીનું **ફોજદારી કાર્યરિતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૧૩** અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવતા, સદર કામનાં આરોપીએ પ્રથમ સવાલનો જવાબ હકારમાં આપી જણાવેલ કે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત તમામ પુરાવાઓ મારી સમક્ષ અથવા મારા ધ્વારા નિમાયેલ વકીલશ્રી સમક્ષ નોંધવામાં આવેલ છે, તે સિવાય બાકી તમામ સવાલોના જવાબ નકારમાં આપી, ફરિયાદપક્ષના કેસની હકીકતોનો ઈનકાર કરી, ફરિયાદપક્ષ ધ્વારા ખોટો કેસ કર્યો હોવાની બાબત જણાવે છે. વધુમાં આરોપી સોગંદ ઉપરની જુબાની આપવા તેમજ બચાવપક્ષે સાહેદો તપાસવા માંગતા ન હોઈ તેમ જણાવેલ છે.

૪.૩ ત્યારબાદ, સદરહું કામે ફરિયાદપક્ષે વિ. એ. પી. પી. શ્રી કે. એ. સુથાર તથા આરોપી પક્ષે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ.

(૫) **મુદ્દાઓ :–**

હાલના કેસ અંગે વિચારવામાં આવે તો આરોપી સામે ફરિયાદ પક્ષે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) તથા એમ. વી. એક્ટ કલમ–૧૭૭, ૧૮૪** મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે તે હકીકતો અને સદર ગુન્હાઓનું સ્વરૂપ જોતાં ફરિયાદપક્ષ માટે નીચે જણાવ્યા મુજબના મુદ્દાઓ નિ:શંકપણે પુરવાર કરવા મહત્વના બને.

| ક્રમ | **–:: મુ દ્દા ઓ ::–** |
|---|---|
| ૧. | શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. |

| | |
|---|---|
| | ૧૪/૦૯/૨૦૨૨ ના રોજ કલાક ૧૯/૦૦ ના સુમારે મોજે સણસોલી સીમ ગણેશ ટ્રેડર્સ સામે રોડ ઉપર પોતાના કબજા હેઠળનું હીરો સ્પ્લેન્ડર મો. સા. નંબર જીજે ૨૭ ડી કયુ ૬૭૮૨ ની બેફીકરાઈ અને ગફલતભરી રીતે પુરઝડપે હંકારી ફરિયાદીના સાહેદ કાંતીભાઈની સાયકલ સાથે અથડાવી અકસ્માત કરી સાહેદને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી તથા પોતાને પણ શરીરે વત્તા ઓછા પ્રમાણમાં ઈજાઓ પહોંચાડી સાહેદ કાંતીભાઈનું સારવાર દરમ્યાન મોત નિપજતા, **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) સાથે વાંચતા એમ. વી. એકટ કલમ–૧૭૭, ૧૮૪** મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલો છે ? |
| ૨. | શું હુકમ ? |

## (૬) <u>મુદ્દા પરત્વેના નિર્ણય :–</u>

ઉપરોકત જણાવ્યા અનુસાર મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે જણાવ્યા મુજબના છે.

| **મુદ્દા ક્રમાંક** | **નિર્ણય** |
|---|---|
| ૧. | નકારમાં |
| ૨. | આખરી હુકમ મુજબ |

## ૭. કાયદાકીય જોગવાઈ, પુરાવાઓનું મૂલ્યાંકન અને નિર્ણયના કારણો :–

**૭.૧** સદરહું કામના આરોપી વિરૂદ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાત્રના મૂળભૂત પ્રસ્થાપિત સિધ્ધાંતો લક્ષમાં લેવા જરૂરી બને, જે નીચે મુજબ છે :

ફોજદારી કાર્યરીતિમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે તેમજ ફરિયાદ પક્ષે આરોપી વિરુદ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જ્યાં સુધી આરોપી વિરુદ્ધનો કેસ સાબિત ન થાય ત્યાં સુધી આરોપીની નિર્દોષતાનું અનુમાન કરવાનું રહે છે. કાયદાથી એ પણ સ્થાપિત છે કે, જો ફરિયાદ પક્ષના કેસ અંગે, કેસના મૂળ સુધી જાય તે રીતની મહત્વની શંકા ઉભી થાય તો તેનો લાભ આરોપી પક્ષને આપવો જોઈએ; જો કે તેનો હેતુ એવો નથી કે આરોપી પક્ષને કોઈ પણ રીતે લાભ મળે તે હેતુથી ફરિયાદ પક્ષના પુરાવા અંગે ગેરવ્યાજબી શંકા ઉભી કરવી. કાયદાથી એ પણ સ્થાપિત છે કે ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવામાં આવતા કેટલાક તુચ્છ વિરોધાભાષને વધુ પડતું મહત્વ ન આપવું જોઈએ અને ફરિયાદ પક્ષના પુરાવાનું આક્ષેપીત ગુન્હાની કાયદાકીય જોગવાઈ તથા કાનૂની સ્થિતિના સંદર્ભમાં મૂલ્યાંકન કરવું જોઈએ. આ સ્થાપિત કાનૂની સ્થિતિના પરિઘમાં હાલના કેસમાં ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું કાળજીપૂર્વક મૂલ્યાંકન કરવું આવશ્યક બને છે.

**૭.૧.૧** ફોજદારી કાર્યરીતિમાં આરોપી જો કોઈ અપવાદનો લાભ લેવા ઈચ્છતા હોઈ, તો તેઓએ ભારતીય પુરાવા અધિનિયમ,૧૮૭૨ ની કલમ – ૧૦૫ અન્વયે સંભવિત્તા દર્શાવવાની રહે છે. સાબિત થયેલ હકીકત કોને કહેવાય, તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પ્રસ્તુત બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતોનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**૭.૧.૨** આથી, જ્યારે હાલના કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) સાથે વાંચતા મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ – ૧૭૭, ૧૮૪ મુજબના ગુન્હા સબબનો આક્ષેપ છે ત્યારે ફરિયાદ પક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે.

૧. અકસ્માત સમયે વાહન ચાલક હાલના આરોપી જ હતા.

૨. અકસ્માત આરોપી વાહન પૂરઝડપે, ગફલતભરી રીતે અથવા બેદરકારી પૂર્વક મનુષ્ય જીવન જોખમાય તે રીતે હંકારી હોવાના કારણે થયેલ.

૩. આરોપીના ઉતાવળ અથવા બેદરકારી પૂર્વક અને ગફલતભરી રીતે ગુન્હાઈત કહી શકાય તે હદે સ્પિડથી ચલાવતા હતા અને કેવળ તેમની કસુરના કારણે મનુષ્ય જીવન જોખમાય અથવા વ્યક્તિગત કે અન્યની સુરક્ષા જોખમાય તેવા કૃત્યના લીધે કોઈ વ્યક્તિને ઈજા પહોંચેલ.

આમ, ઉપરોક્ત સિધ્ધાંતો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમત પુરવાર કરવા પ્રસ્તુત કરવામાં આવેલ પુરાવાઓનું

મૂલ્યાંકન હાથ ધરવું ઘટે, જેથી સદર કામે પડેલ મૌખિક તેમજ દસ્તાવેજીપુરાવાની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

૭.૨ સદર કામે આરોપી વિરૂદ્ધ ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ની કલમ – ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) સાથે વાંચતા મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ – ૧૭૭, ૧૮૪ અન્વયે ગુન્હો નોંધાયેલ છે, ત્યારે સદરહું ગુન્હા અંગેની જોગવાઈ ધ્યાને લેવામાં આવે તો,–

- **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ની કલમ –**

**279. Rash driving or riding on a public way.**
Whoever drives any vehicle, or rides, on any public way in a manner so rash or negligent as to endanger human life, or to be likely to cause hurt or injury to any other person, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to one thousand rupees, or with both.

**337. Causing hurt by an act endangering life or personal safety of others.**
Whoever causes hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to six months, or with fine which may extend to five hundred rupees, or with both.

**338. Causing grievous hurt by an act endangering life or personal safety of others.**
Whoever causes grievous hurt to any person by doing any act so rashly or negligently as to endanger human life, or the personal safety of others, shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine which may extend to one thousand rupees, or with both.

**304 A Causing death by negligence**

Whoever causes the death of any person by doing any rash or negligent act not amounting to culpable homicide shall be punished with imprisonment of either description for a term which may extend to two years, or with fine, or with both.

**મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–**

**177. General provision for punishment of offences.—**

Whoever contravenes any provision of this Act or of any rule, regulation or notification made thereunder shall, if no penalty is provided for the offence be punishable for the first offence with fine which may extend to one hundred rupees, and for any second or subsequent offence with fine which may extend to three hundred rupees.

**184. Driving dangerously.**

Whoever drives a motor vehicle at a speed or in a manner which is dangerous to the public, having regard to all the circumstances of the case including the nature, condition and use of the place where the vehicle is driven and the amount of traffic which actually is at the time or which might reasonably be expected to be in the place, shall be punishable for the first offence with imprisonment for a term which may extend to six months or with fine which may extend to one thousand rupees, and for any second or subsequent offence if committed within three years of the commission of a previous similar offence with imprisonment for a term which may extend to two years, or with fine which may extend to two thousand rupees, or with both.

**૭.3** ફરિયાદની જુબાનીને જોતાં પહેલા ફરિયાદીની ફરિયાદમાં શું કથન છે તે જોવું આવશ્યક બને છે. જેથી ફરિયાદપક્ષે આંક–૧૪ થી લેખિત ફરિયાદ રજુ કરેલ છે. આ ફરિયાદ જોતાં એવું જણાવે છે કે, ગઈ કાલ રોજ તેમના કાકાનો દિકરો કાન્તીભાઈ તેના નિત્યક્રમ મુજબ સવારના સાતેક વાગે તેની સાયકલ લઈ મહેમદાવાદ ગયેલો અને સાયકલ મહેમદાવાદ મુકી ટ્રેન મારફતે મણીનગર મજુરી કામે ગયેલ હતો અને સાંજના તે ગામની ભાગોળમાં હતો તે વખતે તેમના ગામના છોકરાએ તેમને જણાવેલ કે, તમારા ભાઈ મહેમદાવાદ થી સાયકલ લઈ આવતા સોજાલી ઢાળ ઉતરતા પાછળથી આવતા બાઈકવાળાએ સાયકલને અડફેટમાં લેતા અકસ્માત થયેલ છે અને તેઓને માથામાં તથા પગે ઈજાઓ થયેલ છે તેવી વાત કરેલી જેથી તે તરત જ રીક્ષા કરી સોજાલી ઢાળમાં આવેલ અને જોયેલ તો ત્યાં બાઈક તથા સાયકલ પડેલ હતા અને ત્યાંથી જાણવા મળેલ કે, સાયકલ ચાલક તથા બાઈક ચાલકને ઈજાઓ થતા ૧૦૮ માં મહેમદાવાદ સરકારી દવાખાને લઈ ગયેલ છે જેથી તે સીધો સરકારી દવાખાને આવેલો અને તેમના કાકાના દિકરા કાન્તીભાઈને જોતા તેને માથામાં ઈજાઓ થયેલ હતી અને કાનમાંથી લોહી નિકળતુ હતુ અને તે બેભાન હાલતમાં હતો અને અકસ્માત કરનાર બાઈકવાળાને પણ થોડું ઘણું વાગેલ હતું અને ડોકટર સાહેબે તેઓ બન્ને ને સારવાર માટે અમદાવાદ સીવીલમાં લઈ જવા કહેતા તેઓ બન્નેને સરકારી એમબ્યુલન્સમાં અમદાવાદ સીવીલમાં લઈ જઈ સારવાર માટે દાખલ કરેલ છે હાલ તેમનો ભાઈ સારવાર હેઠળ છે અને બેભાન હાલતમાં છે અને આ અકસ્માત તેમનો ભાઈ કાન્તીભાઈ મહેમદાવાદથી સાયકલ લઈ સણસોલી આવતા હતા તે વખતે સોજાલી ગામ તરફ જવના કટ નજીકથી પસાર થતા સાતેક વાગ્યાના સુમારે પાછળથી આવતા બાઈકવાળાએ સાયકલને અડફેટમાં લેતા અકસ્માત કરેલ હતો અને બાઈકનો નંબર ગામના છોકરાએ લીધેલો જે તેમને આપેલ તો જી જે ૨૭ ડી. ક્યુ. ૬૭૮૨ નો હતો જેથી આ અકસ્માત કરનાર બાઈક ચાલક વિરૂધ્ધ ફરીયાદ છે. આ બાબતે તેઓનો શું પુરાવો છે તે જોવો જરૂરી બને છે.

ફરિયાદીની ઉપરોકત ફરિયાદ હકીકત સંદર્ભે તઓની જુબાનીનો ઉલ્લેખ કરવો જરૂરી માનું છું.

**૭.૫** ફરિયાદપક્ષે **સાહેદ નં.૦૨ ફરિયાદી મંગાભાઈ ગફુરભાઈ રાવળને આંક–૧૩** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૪/૯/૨૦૨૨ નાં રોજ સાંજે સાત વાગ્યાનાં સુમારે તેમના કાકાના દીકરા કાંતીભાઈ ડાહ્યાભાઈ મહેમદાવાદથી સાઈકલ લઈ સણસોલી ઘર તરફ આવતા હતા ત્યારે સણસોલી પાટીયા પાસે એક બાઈક વાળો મહેમદાવાદ તરફથી આવતો હતો તેણે કાંતીભાઈની સાઈકલને ટકકર મારેલી. આ બાઈક વાળો પાછળથી આવી કાંતીભાઈની સાઈકલને ટકકર મારેલી. જેથી કાંતીભાઈ પડી ગયેલા અને તેમને માથામાં ઈજા થયેલી. જેથી ગામમાં જાણ થતાં તે જોવા ગયેલો અને જોયેલ તો તેમના કાકાના દીકરા હતા. જેથી તેઓને ૧૦૮ એમ્બ્યુલન્સમાં મહેમદાવાદ સરકારી દવાખાને લઈ ગયેલ અને તેઓને માથામાં લોહી નીકળતું હોય વધુ સારવાર માટે લઈ જવાનું કહેતાં તેઓને અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલા. અમદાવાદ સિવિલમાં કાંતીભાઈ બેભાન અવસ્થામાં હોય તેઓની સારવાર કરેલી અને ૩–૪ દીવસ સારવાર બાદ તેઓ ગુજરી ગયેલા. આ બાઈકનો નંબર ૬૭૮૨ હતો અને તેનું નામ સંદીપ હતું. બાઈકની આગળની સીરીઝ હાલ યાદ નથી. તેઓએ આ બનાવ બાબતે ફરીયાદ આપેલી. તેમને આજરોજ અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે જે પુરાવામાં રજુદાખલ આંક–૧૪ આપવામાં આવે છે.

૭.૫.૧ બચાવપક્ષે સદર ફરિયાદીની ઉલટતપાસ કરવામાં આવતાં તેઓ સ્વીકારે છે કે, બનાવ વખતે તે ઘરે હતો જેથી અકસ્માત કોના દ્વારા અને કેવી રીતે થયો તેની તેમને ખબર નથી. કાંતીભાઈને અકસ્માત થયો ત્યારથી ગુજરી ગયા ત્યાં સુધી બેભાન અવસ્થામાં હોય તેઓ સાથે તેમને બનાવ વીશે કોઈ વાત થયેલ નહીં.

**૭.૬** ફરિયાદપક્ષે **સાહેદ નં.૦૧ પંચસાહેદ દિનેશભાઈ છોટાલાલ બારોટને આંક–૧૦** થી તથા **સાહેદ નં.૧૧ પંચસાહેદ વાઘજીભાઈ ચંદાભાઈ પરમારને આંક–૨૮ થી** સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમને સહી કરવાનું કહેતાં

તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. તેમને પંચનામું બતાવવામાં આવે છે, તેમાં તેમની પંચ તરીકે સહી છે જે ઓળખી બતાવે છે જે પુરાવામાં રજુ દાખલ આંક–૧૧ આપવામાં આવે છે. પંચનામું કઈ બાબતે તેઓ તેની તેમને ખબર નથી, સહી કર્યા સીવાય સંડોવાયેલ વાહનના પંચનામાને અનુરૂપ પુરાવો ન આપતા તેઓની હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વિ. એ. પી. પી. શ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પં ચનામાને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

**૭.૬.૧** બચાવપક્ષે સદર પંચસાહેદોની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી. સહી કર્યા સિવાય કોઈ હકીકત તે જાણતો નથી.

**૭.૭** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૩ સાહેદ લક્ષ્મીબેન કાંતીભાઈ રાવળને આંક–૧૫** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગુજરનાર કાંતીભાઈ ડાહ્યાભાઈ તેમના પતિ થતા હતા. તા.૧૪/૯/૨૦૨૨ નાં રોજ તેમના પતિ મણીનગર મુકામે છુટક મજુરીકામ કરી સાઈકલ ઉપર સણસોલી ઘર તરફ સાંજે સાડા સાતના અરસામાં આવતા હતા ત્યારે સણસોલી પાટીયા પાસે સાઈકલમાં પંચર પડતા તેમના પતિ સાઈકલ દોરીને આવતા હતા ત્યારે બાઈકવાળાએ પાછળથી આવી તેઓને ટકકર મારેલી. જેથી તેમના પતિ પડી ગયેલા અને તેઓને માથામાં ઈજા થયેલી અને તેમને કાનમાંથી લોહી નીકળતું હતું. બનાવ વખતે તે ઘરે હતી ત્યારે તેમની દીકરીને ફોનથી અકસ્માત બાબતે જાણ થયેલી. જેથી તે બનાવ સ્થળે ગયેલી તો જાણવા મળેલ કે તેમના પતિને ૧૦૮ એમ્બ્યુલન્સમાં મહેમદાવાદ સરકારી દવાખાને લઈ ગયેલ છે જેથી તે ત્યાં ગયેલી. ત્યાંથી ડોકટરે વધુ સારવાર માટે લઈ જવાનું કહેતાં તેમના પતિને અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલા અને દાખલ કરેલા. તેમના પતિ બેભાન અવસ્થામાં હોય ૩ દીવસ તેઓની સારવાર કરેલી અને ૩ દીવસ સારવાર બાદ તેઓ ગુજરી ગયેલા. આ બાઈકનો નંબર હાલ તેમને યાદ નથી પરંતુ બાઈકવાળો સંદીપ ગોવીંદભાઈ ગોડ હોવાનું જાણવા મળેલું. તેમના પતિની લાશનું પીએમ કર્યા બાદ તેમને લાશ સોંપતા તેઓની અંતીમવિધી કરેલી. ફરીયાદ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નથી.

૭.૭.૧ બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, બનાવ વખતે તે ઘરે હતી જેથી અકસ્માત કોના ધ્વારા અને કેવી રીતે થયો તેની

તેમને ખબર નથી. તેમના પતિ કાંતીભાઈને અકસ્માત થયો ત્યારથી ગુજરી ગયા ત્યાં સુધી બેભાન અવસ્થામાં હોય તેઓ સાથે તેમને બનાવ વીશે કોઈ વાત થયેલ નહીં.

**૭.૮** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૪ સાહેદ સુરેશભાઈ રમેશભાઈ રાવળને આંક–૧૬** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગુજરનાર કાંતીભાઈ ડાહ્યાભાઈ તેમના સસરા થતા હતા. તા. ૧૪/૯/૨૦૨૨ નાં રોજ તેમના સસરા મણીનગર મુકામે છુટક મજુરીકામ કરી સાઈકલ ઉપર સણસોલી ઘર તરફ સાંજે સાડા સાતના અરસામાં આવતા હતા ત્યારે સણસોલી પાટીયા પાસે સાઈકલમાં પંચર પડતા તેમના સસરા સાઈકલ દોરીને આવતા હતા ત્યારે બાઈકવાળાએ પાછળથી આવી તેઓને ટક્કર મારેલી. જેથી તેમના સસરા પડી ગયેલા અને તેઓને માથામાં ઈજા થયેલી અને તેમને કાનમાંથી લોહી નીકળતું હતું. બનાવ વખતે તે નોકરીએથી કુબડથલ, તા.દસ્રોઈ મુકામે જતો હતો ત્યારે ફોન આવતાં બનાવની જાણ થયેલી. તેમને જાણવા મળેલ કે, તેમના સસરાને ૧૦૮ એમ્બ્યુલન્સમાં મહેમદાવાદ સરકારી દવાખાને લઈ ગયેલ છે અને ત્યાંથી ડોકટરે વધુ સારવાર માટે લઈ જવાનું કહેતાં તેમના સસરાને અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં લઈ ગયેલા છે અને દાખલ કરેલા છે. તેમના સસરા બેભાન અવસ્થામાં હોય ૩ દીવસ તેઓની સારવાર કરેલી અને ૩ દીવસ સારવાર બાદ તેઓ ગુજરી ગયેલા. આ બાઈકનો નંબર હાલ તેમને યાદ નથી તથા તેના ચાલક વિશે કાંઈ જાણતો નથી. તેમના સસરાની લાશનું પીએમ કર્યા બાદ તેમને લાશ સોંપતા તેઓની અંતીમવિધી કરેલી. ફરીયાદ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નથી.

૭.૮.૧ બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, બનાવ વખતે તે કુબડથલ જતો હતો જેથી અકસ્માત કોના ધ્વારા અને કેવી રીતે થયો તેની તેમને ખબર નથી. તેમના સસરા કાંતીભાઈને અકસ્માત થયો ત્યારથી ગુજરી ગયા ત્યાં સુધી બેભાન અવસ્થામાં હોય તેઓ સાથે તેમને બનાવ વીશે કોઈ વાત થયેલ નહીં.

**૭.૯** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૫ સાહેદ સુરેશભાઈ દશરથભાઈ રાવળને આંક–૧૭** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગુજરનાર કાંતીભાઈ ડાહ્યાભાઈ રાવળ તેમના દાદા થતા હતા. તા. ૧૪/૯/૨૦૨૨ નાં રોજ તેમના દાદા કાંતીભાઈ મણીનગર અમદાવાદ મુકામે

મજુરીકામ કરવા માટે ગયેલા. તેઓ ઘરેથી સાઈકલ લઈ મહેમદાવાદ ગયેલા અને મહેમદાવાદ રેલવે સ્ટેશન ઉપર સાઈકલ મુકી ટ્રેનમાં અમદાવાદ ગયેલા અને સાંજના સાડા સાત વાગે તે ઘરે હતો તે વખતે તેમને જાણવા મળેલ કે, એક કાકાને સોજાલી અને સણસોલી પાટીયા નજીક મોસાથી અકસ્માત થયેલ છે. જેથી તેઓ તથા બીજા માણસો બનાવ વાળી જગ્યાએ ગયેલા અને ત્યાં જતાં તેઓને જાણવા મળેલ કે, તેઓને મહેમદાવાદ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ છે જેથી તેઓ તથા બીજા માણસો મહેમદાવાદ સરકારી દવાખાને ગયેલા પરંતુ ત્યાંથી તેમના દાદાને અમદાવાદ સિવિલ હોસ્પીટલે લઈ ગયેલ હતા જેથી તેઓ અમદાવાદ સિવિલ હોસ્પીટલ ગયેલ અને જોયેલ તો તેમના દાદા બેભાન અવસ્થામાં હતા. બનાવ બાબતે પુછપરછ કરતાં તેમને જાણવા મળેલ કે તેમના દાદા મજુરી કામ કરી સાઈકલ ઉપર સણસોલી ઘર તરફ સાંજે સાડા સાતના અરસામાં આવતા હતા ત્યારે સણસોલી પાટીયા પાસે સાઈકલમાં પંચર પડતા તેમના દાદા સાઈકલ દોરીને આવતા હતા ત્યારે બાઈકવાળાએ પાછળથી આવી તેઓને ટકકર મારેલી. જેથી તેમના દાદા પડી ગયેલા અને તેઓને માથામાં ઈજા થયેલી અને તેમને કાનમાંથી લોહી નીકળતું હતું. તેમના દાદા બેભાન અવસ્થામાં હોય ૩ દીવસ તેઓની સારવાર કરેલી અને ૩ દીવસ સારવાર બાદ તેઓ ગુજરી ગયેલા. આ બાઈકનો નંબર હાલ તેમને યાદ નથી તથા તેના ચાલક વિશે કાંઈ જાણતો નથી. તેમના દાદાની લાશનું પીએમ કર્યા બાદ તેમને લાશ સોંપતા તેઓની અંતીમવિધી કરેલી. ફરીયાદ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નથી.

૭.૯.૧ બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ બનાવ બનતા જોયેલ નથી. તેમના દાદા ગુજરી ગયા ત્યાં સુધી તેમને તેમની સાથે કોઈ બનાવ બાબતે વાતચીત થયેલ નથી.

**૭.૧૦** ફરિયાદ પક્ષે **સાહેદ નં. ૦૬ સાહેદ દશરથભાઈ મંગળભાઈ રાવળને આંક–૧૮** થી તપાસેલ છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ગુજરનાર કાંતીભાઈ ડાહ્યાભાઈ રાવળ તેમના કાકા થતા હતા. તા.૧૪/૯/૨૦૨૨ નાં રોજ તેમના કાકા કાંતીભાઈ મણીનગર અમદાવાદ મુકામે મજુરીકામ કરવા માટે ગયેલા. તેઓ ઘરેથી સાઈકલ લઈ મહેમદાવાદ ગયેલા અને મહેમદાવાદ રેલવે સ્ટેશન ઉપર સાઈકલ મુકી ટ્રેનમાં અમદાવાદ ગયેલા અને સાંજના સાડા સાત વાગે તે ઘરે હતો

તે વખતે તેમને જાણવા મળેલ કે, એક કાકાને સોજાલી અને સણસોલી પાટીયા નજીક મોસાથી અકસ્માત થયેલ છે. જેથી તેઓ તથા બીજા માણસો બનાવવાળી જગ્યાએ ગયેલા અને ત્યાં જતાં તેઓને જાણવા મળેલ કે, તેઓને મહેમદાવાદ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ છે જેથી તે તથા બીજા માણસો મહેમદાવાદ સરકારી દવાખાને ગયેલા પરંતુ ત્યાંથી તેમના કાકાને અમદાવાદ સિવિલ હોસ્પીટલે લઈ ગયેલ હતા જેથી તેઓ અમદાવાદ સિવિલ હોસ્પીટલ ગયેલ અને જોયેલ તો તેમના કાકા બેભાન અવસ્થામાં હતા. બનાવ બાબતે પુછપરછ કરતાં બીજા માણસોથી તેમને જાણવા મળેલ કે તેમના કાકા મજુરી કામ કરી સાઈકલ ઉપર સણસોલી ઘર તરફ સાંજે સાડા સાતના અરસામાં આવતા હતા ત્યારે સણસોલી પાટીયા પાસે સાઈકલમાં પંચર પડતા તેમના કાકા સાઈકલ દોરીને આવતા હતા ત્યારે બાઈકવાળાએ પાછળથી આવી તેઓને ટક્કર મારેલી. જેથી તેમના કાકા પડી ગયેલા અને તેઓને માથામાં ઈજા થયેલી અને તેમને કાનમાંથી લોહી નીકળતું હતું. તેમના કાકા બેભાન અવસ્થામાં હોય ૩ દીવસ તેઓની સારવાર કરેલી અને ૩ દીવસ સારવાર બાદ તેઓ ગુજરી ગયેલા. આ બાઈકનો નંબર હાલ તેમને યાદ નથી તથા તેના ચાલક વિશે કાંઈ જાણતો નથી. આ તેમના કાકા સારવાર દરમ્યાન મરણ પામેલ અને તેઓનું પોસ્ટ મોર્ટમ કરતાં અગાઉ તેમની લાશનું ઈન્કવેસ્ટ પંચનામું કરવામાં આવેલું. જેમની લાશ જોતાં જમણા કાનમાંથી લોહી નીકળેલ હતું તેમજ શરીર ઉપર છોલાયેલાના નીશાન હતા જે લાશનું તેમની હાજરીમાં ઈન્કવેસ્ટ પંચનામું ભરવામાં આવેલું. તેમને તા.૧૬/૯/૨૨ નાં રોજનું ઈન્કવેસ્ટ પંચનામું બતાવવામાં આવે છે તેમાં પંચ નં–૨ તરીકે તેમની સહી છે જે ઓળખી બતાવે છે, જે પુરાવામાં રજુ દાખલ આંક–૧૯ આપવામાં આવે છે. તેમના કાકાની લાશનું પીએમ કર્યા બાદ તેમને લાશ સોંપતા તેઓની અંતીમવિધી કરેલી. ફરીયાદ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નથી.

૭.૧૦.૧ બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ બનાવ બનતા જોયેલ નથી. તેમના કાકા ગુજરી ગયા ત્યાં સુધી તેમને તેમની સાથે કોઈ બનાવ બાબતે વાતચીત થયેલ નથી. પંચનામું પોલીસે તૈયાર કરેલુ તેમાં સહી કરવાનું કહેતાં તેઓએ સહી કરેલી.

**૭.૧૧** ફરિયાદપક્ષે **સાહેદ નં.૭ સાહેદ અંજુબેન સુરેશભાઈ રાવળને આંક–૨૦** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, ગુજરનાર કાંતીભાઈ ડાહ્યાભાઈ રાવળ તેમના પિતા થતા હતા. તા.૧૪/૯/૨૦૨૨ નાં રોજ તેમના પિતા કાંતીભાઈ મણીનગર અમદાવાદ મુકામે મજુરીકામ કરવા માટે ગયેલા. તેઓ ઘરેથી સાઈકલ લઈ મહેમદાવાદ ગયેલા અને મહેમદાવાદ રેલવે સ્ટેશન ઉપર સાઈકલ મુકી ટ્રેનમાં અમદાવાદ ગયેલા અને સાંજના સાડા સાત વાગે તે ઘરે હતી તે વખતે તેમને ફોનથી જાણવા મળેલ કે, એક કાકાને સોજાલી અને સણસોલી પાટીયા નજીક મોસાથી અકસ્માત થયેલ છે અને તેમનાં ફોનમાં તેમનો નંબર નીકળતાં કોઈ માણસે તેમને ફોનથી જાણ કરેલી. જેથી તેઓ તથા બીજા માણસો બનાવ વાળી જગ્યાએ ગયેલા અને ત્યાં જતાં તેઓને જાણવા મળેલ કે, તેઓને મહેમદાવાદ સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ છે જેથી તેઓ તથા બીજા માણસો મહેમદાવાદ સરકારી દવાખાને ગયેલા પરંતુ ત્યાંથી તેમના પિતાને અમદાવાદ સિવિલ હોસ્પીટલે લઈ ગયેલ હતા જેથી તેઓ અમદાવાદ સિવિલ હોસ્પીટલ ગયેલ અને જોયેલ તો તેમના પિતા બેભાન અવસ્થામાં હતા. બનાવ બાબતે પુછપરછ કરતાં તેમને બીજા માણસોથી જાણવા મળેલ કે તેમના પિતા મજુરી કામ કરી સાઈકલ ઉપર સણસોલી ઘર તરફ સાંજે સાડા સાતના અરસામાં આવતા હતા ત્યારે સણસોલી પાટીયા પાસે સાઈકલમાં પંચર પડતા તેમના પિતા સાઈકલ દોરીને આવતા હતા ત્યારે બાઈકવાળાએ પાછળથી આવી તેઓને ટકકર મારેલી. જેથી તેમના પિતા પડી ગયેલા અને તેઓને માથામાં ઈજા થયેલી અને તેમને કાનમાંથી લોહી નીકળતું હતું. તેમના પિતા બેભાન અવસ્થામાં હોય ૩ દીવસ તેઓની સારવાર કરેલી અને ૩ દીવસ સારવાર બાદ તેઓ ગુજરી ગયેલા. આ બાઈકનો નંબર હાલ તેમને યાદ નથી તથા તેના ચાલક વિશે કાંઈ જાણતી નથી. તેમના પિતાની લાશનું પીએમ કર્યા બાદ તેમને લાશ સોંપતા તેઓની અંતીમવિધી કરેલી. ફરીયાદ બાબતે પોલીસે તેમની પુછપરછ કરેલી નથી.

૭.૧૧.૧ બચાવપક્ષે સદર સાહેદનીઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, તેઓએ બનાવ બનતા જોયેલ નથી. તેમના પિતા ગુજરી ગયા ત્યાં સુધી તેમને તેમની સાથે કોઈ બનાવ બાબતે વાતચીત થયેલ નથી.

**૭.૧૨** ફરિયાદપક્ષે **સાહેદ નં.૦૮ પંચસાહેદ દશરથભાઈ જેણાભાઈ પરમાર આંક–૨૨ થી તથા સાહેદ નં. ૦૯ પંચસાહેદ રમેશભાઈ નાગરભાઈ પરમારને આંક–૨૪** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, પોલીસે તેમને સહી કરવાનું કહેતાં તેઓએ તૈયાર પંચનામામાં સહી કરેલી. તેમને પંચનામું બતાવવામાં આવે છે, તેમાં તેમની પંચ તરીકે સહી છે જે ઓળખી બતાવે છે જે પુરાવામાં રજુ દાખલ આંક–૨૩ આપવામાં આવે છે. પંચનામું કઈ બાબતે તેઓ તેની તેમને ખબર નથી, સહી કર્યા સીવાય પંચનામાને અનુરૂપ પુરાવો ન આપતા તેઓની હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે. વિ. એ. પી. પી. શ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

**૭.૧૨.૧** બચાવપક્ષે સદર પંચસાહેદોની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, પોલીસે તૈયાર પંચનામામાં સહી કરાવેલી. સહી કર્યા સિવાય કોઈ હકીકત તે જાણતો નથી.

**૭.૧૩** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૦ સાહેદ સદ્દામહુસેન સૈયદઅલી સૈયદને આંક–૨૭** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, તે પોલ્ટ્રીફાર્મનો ધંધો કરે છે. મોસા નં.જીજે૨૭ડીક્યુ૬૭૮૨ તેમના ફોઈના દીકરા જીસાનઅલી બરકતઅલી સૈયદનું હતું. બનાવની તારીખ તેમને યાદ નથી પરંતુ વર્ષ–૨૦૨૨ માં તેમનો ફોઈનો દીકરો જીસાન તેમની કાર લઈ ગયેલો અને તેનું આ બાઈક તેમને આપેલું જે બાઈકને તેમનું ફાર્મ આમસરણ નેનપુર પાસે આવેલ ફાર્મમાં મુકેલ. તે દરમ્યાન તેમના પોલ્ટ્રીફાર્મમાં જે મજુરો કામ કરતા હતા તે મજુરોમાંથી એક મજુર આ તેમના ફોઈના દીકરાનું બાઈક કે જે તેમના ફાર્મમાં મુકેલ હતું તે લઈને ગયેલો. ત્યારબાદ આ મોસાથી એક સાઈકલ સવારને અકસ્માત થયો છે તેવું ફોનથી જાણવા મળતાં આ મોસાના કાગળો લઈ તે પોસ્ટે ગયેલો. આરોપી સંદીપ ગોવીંદ ગૌંડ તેમના પોલ્ટ્રીફાર્મમાં મજુરી કરતા પૈકીનો એક મજુર હતો. આ સંદીપભાઈને ઈજા થયેલી કે કેમ તેની તેમને ખબર નથી. બનાવ વખતે આ મોસા કોણ લઈને ગયેલું તેની તેમને ખબર નથી. પોલીસે તેમનું નિવેદન લીધેલું. આમ સદર સાહેદે તેમના પોલીસ રૂબરૂના નિવેદનને સમર્થનકારી પુરાવો ન આપતાં હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે વિ. એ. પી. પી. શ્રીએ તેઓની વિગતવાર ઉલટતપાસ કરવા છતાં તેઓએ ફરિયાદપક્ષને સમર્થનકારી પુરાવો આપેલ નથી.

**૭.૧૩.૧** બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, પોલીસે તેમને આર સી બુક રજુ કરવાની કહેલી તે સિવાય બનાવ બાબતે તેઓ બીજુ કાંઈ જાણતા નથી. પોલીસે તેમનું નિવેદન લીધેલ નથી.

**૭.૧૪** ફરિયાદપક્ષે **સાહેદ નં.૧૨ ત.ક.અ. હરીશભાઈ ભીખાભાઈ પટેલને આંક–૩૫** થી સોગંદ ઉપરની જુબાનીથી તપાસવામાં આવતાં તેઓ સરતપાસમાં જણાવે છે કે, ગઈ તા.૧૪.૯.૨૦૨૨ ના રોજ તેઓ મહેમદાવાદ પો.સ્ટે. માં કનીજ બીટમાં અહેડકો તરીકે ફરજ બજાવતા હતા તે દરમિયાન મહેમદાવાદ સી.એચ.સી. સેન્ટરથી ડો. શ્રીએ ફરજ પરના પી.એસ.ઓ. ને ટેલીફોન વર્દી આપેલ કે, સણસોલી પાટીયા નજીક કલાક –૧૯–૦૦ ના સુમારે વાહન અકસ્માત થયો છે. દર્દી કાન્તીભાઈ ડાહ્યાભાઈ રાવલ રહે. સણસોલી, તથા સંદીપ ગોવિંદભાઈ ગૌડ, નાઓને ઈજાઓ થતા સારવાર માટે ૧૦૮ માટે લાવેલ છે. ઘટતી કાર્યવવીહી કરશો. જે વર્દી બનાવવાળી જગ્યા તેમના બીટ હદ વિસ્તારની હોઇ તપાસ કરવા સારુ તેઓને ડેપ્યુટ કરેલી. જે આજરોજ રજુ કરેલ છે. જે રજુ દાખલ આંક – ૩૬ આપવામાં આવે છે. સદર ટેલીફોન વર્દી આધારે તપાસ કરવા સારુ તેઓ ગયેલા અને તપાસ કરતા દર્દી કાન્તીભાઈ બેભાન હાલતમાં હોઈ તેઓને વધુ સારવાર માટે અમદાવાદ સીવીલ રીફર કરેલ હોઈ બીજા દિવસે તેમના ભાઈ મંગાભાઇ ગકુરભાઈનાઓને તેઓના લખાવ્યા મુજબની તેમની રુબરુની ફરિયાદ લખેલી. તેમને આંક – ૧૪ થી બેભાન હાલતમાં હોઈ તેનુ સારવાર દરમિયાન અમદાવાદ સીવીલ હોસ્પીટલ ખાતે મરણ ગયેલ છે. તેવી જાણ થતા આ હોસ્પીટલમા જઈ તેઓના શબનુ ઈન્કવેસ્ટ પંચનામુ પંચોની હાજરીમાં કરેલ. જે પંચનામુ આ કામે આંક – ૧૯ થી રજુ છે તે જ છે. ત્યારબાદ આરોપી પણ આ બનાવમાં ઈજા પામનાર હોઈ તેઓને બોલાવી કલમ – ૪૧(એ) મુજબની નોટીસ આપી જરુરી કાર્યવાહી કરેલી અને આ અકસ્માતમાં સંડોવાયેલ બાઈક નંબર – જી.જે.૨૭ ડક્યુ ૬૭૮૨ નુ પંચોની હાજરીમાં પંચનામુ કરી તપાસના કામે સામેલ રાખેલ. જે પંચનામું આ કામે આંક – ૧૧ થી રજુ છે તે જ છે. ત્યારબાદ સદર વાહનનુ તેઓએ એફ.એસ.એલ. અધિકારી મારફતે પરિક્ષણ કરાવેલ અને તેનો રીપોર્ટ મેળવી આ કામે સામેલ રાખેલ છે જે આ કામે આંક–૩૦ થી રજુ છે તે જ છે. તેમજ સદર વાહનનુ તેઓએ આર.ટી.ઓ। અધિકારી મારફતે વાહનનુ યાંત્રિક પરિક્ષણ કરાવેલ જે રીપોર્ટ આવે થી રજુ રાખવાની તેઓએ આંક–૧ ચાર્જશીટમાં નોંધ રાખેલી હતી. તેઓએ તપાસના કામે મરણ જનારના શબ નુ સીવીલ હોસ્પીટલ અમદાવાદ ખાતે શબ પરિક્ષણ કરાવી તેની પી.એમ. નોટ રીપોર્ટ મેળવી આ કામે સામેલ રાખેલ છે જે આ કામે આંક – ૨૯ થી રજુ છે તે જ છે. પુરાવા આધારે હાલનુ ચાર્જશીટ કરેલુ.

**૭.૧૪.૧** બચાવપક્ષે સદર સાહેદની ઉલટતપાસ કરતાં તેઓ સ્વીકારે છે કે, ફરિયાદ એક દિવસ મોડી દાખલ કરેલી. ફરિયાદીની ફરિયાદ મુજબ બનાવ ગામના છોકરાએ બનાવ અંગે જાણ કરેલી તેમ જણાવેલ છે. ફરિયાદમા ગામના છોકરાએ બાઈકનો નંબર મેળવેલ હોવાની હકીકત જણાવેલા છે. તે છોકરાનુ તપાસના કામે નિવેદન લઈ ચાર્જશીટમાં રજુ કરેલ છે. તેમને આંક–૧ ચાર્જશીટ બતાવવામાં આવે છે જે જોઈને કહે છે કે, તે છોકરો રવિકુમાર પંકજભાઈ સોઢા છે. આ છોકરાએ તેમની તપાસના કામે નિવેદનમાં એવુ જણાવેલુ કે, તેઓએ અકસ્માત થતા રુબરુ જોયેલ નથી. મરણ જનાર કાંન્તીભાઈ ડાહ્યાભાઈ રાવળનાઓએ મરણ જતા પહેલા અકસ્માતની હકીકત કોઈ ઈસમને જણાવેલ હોય તેવુ તેમની તપાસમાં ખુલવા પામેલ નહી. બનાવ સ્થળના પંચનામામા આરોપીનુ મો.સા. બનાવ સ્થળે હોય તેવુ તેમની તપાસમાં ખુલવા પામેલ નહી. જે મો.સા. નુ પંચનામુ કરેલુ તે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં કરવામા આવેલ. તે મો.સા. આરોપીએ રજુ કરેલ હોય તેવુ બનેલ નહી. તેમની તપાસ દરમિયાન તમામ સાહેદો બનાવ નજરે જોનાર સાહેદો નથી. તેમની તપાસ દરમિયાન બનાવ સાંજના સાત વાગ્યાનો સમય હોઈ અંધારુ હતુ તેમ ખુલવા પામેલું.

**૭.૧૫** સદરહું કામે ફરિયાદ પક્ષે તપાસાયેલ સાહેદોની જુબાની વંચાણે લેતા, બનાવ સમયે અકસ્માત કરનાર વાહનચાલક આરોપી જ હતા તેવા પુરાવાના અભાવમાં નામદાર સુપ્રીમ કોર્ટના નીચે મુજબના ચુકાદાને લક્ષમાં લીધેલ.

(૧) **Munile Sao vs . State Of Bihar** (1997)3 **Crimes** 200 ... **on** 2 **July,** 2013

"It is held by Hon'ble Patna High Court that, the presence of rash and negligent act is sine qua non to hold the accused guilty for the offence u/s 279 / 304A IPC. It is also held by Hon'ble Patna High Court that in order to impose criminal liability on the accused, it must be found as a fact that collusion was entirely or mainly due to the rashness or negligence."

(૨) બસપ્પા વિરૂદ્ધ કર્ણાટક રાજ્ય [(2014) 1 **Crimes** (**SC**) 319]

નામદાર સુપ્રીમ કોર્ટે સદર ચુકાદામાં સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ કે, " જ્યાં સુધી ફરિયાદ પક્ષ બનાવ સમયે

અકસ્માત કરનાર વાહન આરોપી દ્વારા જ ચલાવવામાં આવતું હતું, તેવી હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ રહેતા હોઈ, તેવા સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહિ."

**૭.૧૪** આમ, સદરહું કામે ફરિયાદ પક્ષે રજૂ કરેલ સમગ્ર મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લેતાં, ખરેખર બનાવ બન્યો ત્યારે હાલના આરોપી બનાવવાળિ ગાડી ચલાવતા હતા તે મુદ્દો તથા તે વખતે હાલના આરોપી બનાવવાળી ગાડી બેફામ અને બેદરકારી પૂર્વક ચલાવતા હતા અને કેવળ તેમની જ કસુર ના કારણે અકસ્માતનો આ બનાવ પરિણમેલ છે તેવું રેકર્ડ પર નિ:શંકપણે ખુલવા પામતું નથી. વધુમાં, બનાવવાળી ગાડી હાલના આરોપી જ ચલાવતા હતા તથા બનાવવાળી ગાડી બેફામ અને બેદરકારી પૂર્વક ગાડી ચલાવતા હતા અને કેવળ તેમની જ કસુરના કારણે અકસ્માતનો આ બનાવ પરિણમેલ છે તેવું ન તો ફરિયાદી સ્પષ્ટપણે પુરાવો આપે છે કે ન તો બીજા કોઈ સાહેદો પુરાવો આપે છે. સદર કામે ફરિયાદીનો તેમજ મરણ જનારનાં પત્ની સાહેદ લક્ષ્મીબેનનો પુરાવો ધ્યાને લેતા, તેઓએ તેઓની ઉલટતપાસ દરમ્યાન તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે બનાવ વખતે તેઓ ઘરે હોય, અકસ્માત કોના ધ્વારા અને કેવી રીતે થયેલો તેની તેઓને ખબર નથી તેમજ મરણનાર મરણ ગયા ત્યાં સુધી બેભાન અવસ્થામાં હોય તેઓની સાથે પણ કોઇ વાતચીત થયેલ નહી, જેથી બનાવ કેવી રીતે બનવા પામેલ તેની સદર સાહેદને કોઇ જાત માહીતી ન હોય તે સ્વાભાવિક છે, વધુમાં પંચસાહેદોએ પણ ફરિયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપેલ નથી, જેથી પંચનામાનાં તત્વો નિ:શંકપણે પુરવાર થતા નથી. વધુમાં, સાહેદ સુરેશભાઇ કે જેઓ મરણ જનારનાં જમાઇ થાય તેઓનો પુરાવો ધ્યાને લેતાં પણ બનાવ વખતે તેઓ કુબડથલ જતાં હોય તેઓનાં સસરાને કઇ રીતે અને કોના ધ્વારા થયો તેની તેઓને ખબર નથી, જેથી બનાવ અંગે તેઓને કોઇ જાત માહીતી ન હોવાનું પુરવાર થાય છે. વધુમાં, સાહેદ દશરથભાઇ મંગળભાઇ તેમજ સાહેદ અંજુબેનનો પુરાવો ધ્યાને લેતાં પણ સદર સાહેદોએ બનાવ બનતાં જોયેલ ન હોય બનાવ કેવી રીતે બન્યો અથવા

અકસ્માત કરનાર વાહનનાં માલીક જે હાલનાં જ આરોપી હતા તેવુ પણ તેઓના પુરાવાથી પુરવાર થતુ નથી. વધુમાં, ત.ક.અ. નો પુરાવો જોતાં તેઓએ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદીની ફરિયાદ મુજબ જે છોકરાએ બનાવ અંગે જાણ કરેલ તેનું નિવેદન નોંધેલ. સદર બંને સામેલ રાખેલ છે અને અને જે નિવેદન ધ્યાને લેતાં તે છોકરાનાં નિવેદનનાં અકસ્માત થતાં તેણે રૂબરૂ જોયેલ નથી તેમ જણાવેલ છે. વધુમાં બનાવ નજરે જોનાર કોઈ સાહેદનું નિવેદન સદર કામે નોંધેલ હોય તેવુ બનેલ નથી. વધુમાં, પંચોએ પણ પંચનામાંને સમર્થન આપેલ નથી, તે જોતા પંચનામાના કોઈ ત્તવો પુરવાર થતાં નથી. ઉપરોક્ત સમગ્ર સંજોગો, પરિસ્થિતિઓ, વિગતો, હકીકતો ધ્યાને લેતા, જે મુદ્દાઓ પર ફરિયાદ પક્ષે નિ:શંકપણે કેસ સાબિત કરવો પડે તેમાં આરોપીની ઓળખ નિ:શંકપણે એસ્ટાબ્લીસ થતી નથી તેમજ બનાવ કેવળ આરોપીની બેદરકારી અને બેફામપણે વાહન ચલાવવાના કારણના પરિણામરૂપ જ બનવા પામેલ તેવું પણ નિ:શંકપણે પુરવાર થતું નથી,આ સંજોગોમાં ફરિયાદપક્ષ શંકા થી પર રીતે કેસ સાબિત કરી શકેલ હોવાનુ કહી શકાય તેમ ન હોઈ, ઉભી થતી શંકા નો લાભ સ્થાપિત કાનૂની સિદ્ધાંત પ્રમાણે બચાવ પક્ષ ને મળવાપાત્ર જાય છે. આ સંજોગોમાં ફરિયાદ પક્ષ શંકા થી પર રીતે તેઓનો કેસ સાબિત કરી શકેલ નથી તેવું જણાય છે ત્યારે મુદ્દા નં.: ૦૧ નો નિર્ણય "નકારમાં" આપી, મુદ્દા નં.: ૦૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) ક્રિમીનલ પ્રોસિઝર કોડની કલમ–૨૫૫(૧) અન્વયે આરોપી **સંદીપ ગોવિંદ બાબુલાલ ગૌંડ,** મકાન નં. ૦૪ ચૌકા સ્કુલ પાસે પોષ્ટ ચૌકા, તા.કેસલી, જી. સાગર મધ્યપ્રદેશ હાલ રહે. રીયાલ પોલ્ટ્રીફાર્મ આમસરણસીમ નેનપુર રોડ, તા.મહેમદાવાદ, જી.ખેડાનાને ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮, ૩૦૪(અ) સાથે વાંચતા મોટર વ્હીકલ એકટ, ૧૯૮૮ ની કલમ ૧૭૭,

૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુનાઓમાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) ક્રિમીનલ પ્રોસિઝર કોડ, ૧૯૭૩ની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ અપીલ સમય માટે રૂા.૫,૦૦૦/– ના નવા જામીન તથા એટલી જ રકમના જાત મુચરકો છ માસના સમયગાળા સારૂ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**સ્થળ:–મહેમદાવાદ.**
**તારીખ:૧૬/૦૩/૨૦૨૬**

**(દેવદત્ત વી. વ્યાસ)**
**જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**જીજે૦૧૬૫૯**